सत्यमेव जयते

# સરસ્વતીના ફોજદારી ન્યાયાધીશ પ્રથમ વર્ગનાં ન્યાયાલયમાં

**કુ.મેધાબેન મહેશકુમાર નવધરે, ફોજદારી ન્યાયાધીશ પ્રથમ વર્ગ, સરસ્વતી**

(ચુકાદાની તારીખ :૩૦–૦૬–૨૦૨૬)

ફોજદારી કેસ નંબર :– ૯૮૮/૨૦૨૫

આંક :– ૧૪

| **ગુનાની વિગતો** | |
|---|---|
| પોલીસ સ્ટેશન | વાગડોદ પોલીસ સ્ટેશન |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | ૧૧૨૧૭૦૪૦૨૪૦૬૪૩/૨૦૨૪ |
| ગુનો | ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૩૦૩(૨), ૩૨૯(૩), ૫૪ મુજબ. |
| ફરિયાદી | શ્રી સરકાર |
| વિ.એ.પી.પી.શ્રી | શ્રી ડી.એમ.ઠક્કર |
| આરોપી | રબારી પ્રભાતભાઈ પીરાભાઈ કલ્યાણભાઈ ઉ.વ.૨૭ રહે.જાખા,તા.સરસ્વતી,જી.પાટણ |
| આરોપી તરફે વિ. વ.શ્રી | શ્રી જી.કે.પંચાલ |

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ | ૨૯.૧૧.૨૦૨૪ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૦૫.૧૨.૨૦૨૪ |
| આખરી અહેવાલની તારીખ | ૧૫.૧૦.૨૦૨૫ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | ૦૫.૦૧.૨૦૨૬ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૮.૦૫.૨૦૨૬ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ | ૩૦.૦૬.૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૩૦.૦૬.૨૦૨૬ |
| સજાની હુકમની તારીખ (લાગ પડે તો) | –– |

| આરોપીઓની વિગતો | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| આ. નં. | આરોપીના નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત કરવામાં આવેલ હોય તો તેની તારીખ | ક્યા ગુનાનો આક્ષેપ છે? | નિદોર્ષ છોડવામાં આવ્યા કે કસુરવાર? | શું સજા કરી? | ભા.ના. સુ. સં. ની કલમ ૪૬૮ મુજબ સુનવણી દરમ્યાન અટકાયતનો સમય |
| ૧ | રબારી પ્રભાતભાઇ પીરાભાઇ કલ્યાણભાઇ | –– | –– | ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૩(૨), ૩૨૯(૩), ૫૪ મુજબ | પુરતા પુરાવાના અભાવે નિર્દોષ છોડયા | –– | –– |

# :: ચુકાદો ::

## (૧) ફરિયાદપક્ષે ટૂંકમાં હકીકત તથા પોલીસ કાર્યવાહી :–

આ કામે ફરિયાદપક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે,કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર રબારી નરેશભાઈ વિહાભાઇ ઉર્ફે વિસાભાઇ તથા તહોદાર નં.૦૨ રબારી પ્રભાતભાઈ પીરાભાઇ રહે.બંન્ને જાખા તા.સરસ્વતી જી.પાટણવાળાઓએ તા.૨૮/૧૧/૨૦૨૪ ના રોજ સાંજના પાંચ વાગ્યાથી સાત વાગ્યાના સાડા સમયગાળા દરમ્યાન કોઈપણ સમયે ફરીયાદીના કબજા ભોગવટાના વાડામાં ગે.કા પ્રવેશ કરી વાડામાં બાંધેલ ભેંસો માંથી ભેંસો જીવ નંગ ૦૨ જેની કુલ કિ રૂ .૧,૪૫,૦૦૦/– ના મુદ્દામાલની ચોરી કરી લઇ ગયેલ હોય અને ફરીયાદીએ પોતાની ભેંસોની શોધખોળ કરતા પકડાઇ જવાના ડરથી નં.૦૧ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરના વાડા પાસે ભેસો છુટી મુકી નાશી જઇ ગુનો કરેલ હોઇ જે અંગેની ફરિયાદ વાગડોદ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ છે. સદર ગુનાના કામે ત.ક.અ.શ્રીએ તપાસનાં કામે જરૂરી પંચનામા કરી, સાહેદોના નિવેદન લીધેલ. તપાસ કરનાર અધિકારીશ્રી દ્વારા ગુના અંગે આરોપીઓની અટક કરી નામ.કોર્ટમાં રજુ કરતા જામીનમુકત કરેલ અને ત.ક.અ.શ્રીએ તપાસનાં અંતે આરોપીઓ વિરૂધ્ધ પૂરતો પુરાવો જણાઈ આવતા આખરી અહેવાલ દાખલ કરેલ.

## (૨) ગુનાનું સંજ્ઞાન તથા તહોમતનામું :–

આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ –૩૦૩(૨), ૩૨૯(૩), ૫૪ મુજબ ગુના અંગે કોગ્નીઝન્સ લઈ સમનસ કાઢવાં હુકમ કરેલ. આરોપી ન્યાયાલય સમક્ષ ઉપસ્થિત થતાં આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા

સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૩૦ અન્વયે પોલીસ તપાસનાં કાગળોની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ આંક–૪ થી તહોમતનામું ફરમાવી વાંચી, સંભળાવી સમજાવી આંક–૦૫ થી આરોપીનો ગુનાની કબુલાત અંગે જવાબ નોંધવામાં આવેલ. આરોપીએ ગુનો કબૂલ કરવાનો ઈન્કાર કરતાં આરોપી વિરૂધ્ધ ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

## (૩) ફરિયાદપક્ષ તરફે પુરાવો :–

આરોપીએ તેઓ વિરૂધ્ધનો આક્ષેપિત ગુનો કબૂલ નહી કરતા ફરિયાદપક્ષે પુરાવો રજુ કરેલ.

**મૌખિક પુરાવો**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | ફરીયાદી જુનેદભાઇ અબ્બાસભાઇની જુબાની | ૦૭ |
| ૦૨ | સાહેદ સાકેરાબેન જુનેદભાઇ પલાસરાની જુબાની | ૧૦ |
| ૦૩ | ત.ક.અધિકારી નીતીનકુમાર રણછોડભાઇની જુબાની | ૧૨ |

**દસ્તાવેજી પુરાવો**

| ક્રમ | દસ્તાવેજ | આંક |
|---|---|---|
| ૦૧ | ફરિયાદ | ૦૮ |
| ૦૨ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૦૯ |
| ૦૩ | ડેપ્યુટ હુકમ | ૧૩ |

## (૪) વિશેષ નિવેદન :–

સદર કામે ફરિયાદપક્ષનો પુરાવો પૂર્ણ થયા બાદ આરોપીને ખુલાસો કરવા તક આપવા જેવો પુરાવો જણાઈ આવતો ન હોય ભારતીય નાગરિક

સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

## (૫) દલીલો :–

બાદ ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીના વિ.વ.શ્રીની મૌખીક દલીલો સાંભળવામાં આવેલ.

## (૬) મુદ્દા તથા તેના ન્યાયિક નિર્ણય :–

સદર કામે રજુ થયેલ પુરાવા, કેસની હકીકત, કાયદાકીય જોગવાઈઓ વગેરે ધ્યાને લઈ સદર કેસનાં નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

| **ક્રમ** | **મુદ્દા** | **ન્યાયિક નિર્ણય** |
|---|---|---|
| ૦૧ | શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પરે પુરવાર કરે છે કે, કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર રબારી નરેશભાઈ વિહાભાઇ ઉર્ફે વિસાભાઇ તથા તહોદાર નં.૦૨ રબારી પ્રભાતભાઈ પીરાભાઇ રહે.બંન્ને જાખા તા.સરસ્વતી જી.પાટણવાળાઓએ તા.૨૮/૧૧/૨૦૨૪ ના રોજ સાંજના પાંચ વાગ્યાથી સાત વાગ્યાના સાડા સમયગાળા દરમ્યાન કોઇપણ સમયે ફરીયાદીના કબજા ભોગવટાના વાડામાં ગે.કા પ્રવેશ કરી વાડામાં બાંધેલ ભેંસો માંથી | નકારમાં |

| | | |
|---|---|---|
| | ભેંસો જીવ નંગ ૦૨ જેની કુલ કિ રૂ .૧,૪૫,૦૦૦/–ના મુદ્દામાલની ચોરી કરી લઇ ગયેલ હોય અને ફરીયાદીએ પોતાની ભેંસોની શોધખોળ કરતા પકડાઇ જવાના ડરથી નં.૦૧ કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરના વાડા પાસે ભેસો છુટી મુકી નાશી જઇ જે અંગે આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૩(૨), ૩૨૯(૩), ૫૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ? | |
| ૦૨ | શું હુકમ? | આખરી હુકમ મુજબ |

**(૭) નિર્ણય માટેના કારણો :–** મુદ્દા નં. ૧ અને ૨ :

**(૭.૧)** આ કામે આરોપીઓ સામેનો કેસ ફોજદારી કેસ છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રનો મૂળભૂળ સિધ્ધાંત છે કે, જ્યાં સુધી આરોપી સામેનો ગુન્હો સાબિત ન થાય ત્યાં સુધી તે નિદોર્ષ છે તેવું માનવું જોઇએ અને ફરિયાદપક્ષે આરોપીઓ સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરિયાદપક્ષના સકારાત્મક પુરાવાથી વ્યાજબી શંકાથી પરે સાબિત કરવું જોઇએ.

**(૭.૨)** ફરિયાદપક્ષ તરફથી રજુ થયેલ પુરાવાની ચર્ચા કરવામાં આવે તો આ કામે સૌપ્રથમ **ફરિયાદી જુનેદભાઇ અબ્બાસભાઇને આંક–૦૭** થી તપાસતા તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તેઓ જાખા મુકામે રહે છે અને ખેતી કામ કરે છે બનાવ બે વરસ પહેલા બનેલો તે વખતે તેઓ અને તેઓની પત્ની તેઓના ભેંસોના વાડામાં ભેંસોને રાત્રે ચારપુડો કરીને નીકળેલા અને બીજા

દિવસે સવારે નિત્યક્રમ મુજબ વાડે ગયેલા તે વખતે તેઓની દસ ભેસો પૈકી બે ભેસો જણાયેલ નહિ જેથી તેઓએ એમ માનેલ કે ભેસ ખીલેથી છુટીને કયાંક ગયેલ હશે જેથી આજુબાજુ તપાસ કરેલી અને ભેસો મળેલ નહિ અને તેઓએ હાલના આરોપી વિરુધ્ધ શક રાખીને ફરીયાદ આપેલી પરંતુ ત્યારબાદ તેઓએ ભેસો મળી ગયેલી અને તેઓએ આ ભેસો લઇ ગયેલ ન હતા તેઓએ આવેશમાં આવીને ફરીયાદ આપેલી જેમા તેઓની સહી છે તે જ છે જેને રજુ દાખલ આંક.૦૮ આપવામાં આવે છે.ફરીયાદી ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોઇ તેઓને ફરી ગયેલા જાહેર કરી ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ ૧૫૭ અન્વયે ઉલટ તપાસ કરવા છતાં તેઓની જુબાનીમાં કોઈ ફળદાયક તથ્ય રેકર્ડ પર લાવી શકેલ નથી.

જ્યારે બચાવપક્ષ દ્વારા સદર ફરીયાદની ઉલટતપાસમાં તેઓએ હકીકતનો સ્વીકાર કરેલ છે, તેઓની બંને ભેસો ગુમ થયાની માહિતી અરવિંદભાઈએ આપેલ હોય તેવુ બનેલ નથી.બીજા દિવસે તેઓના વાડામા જોતા બે ભેસો ન જણાતા તેઓ તથા તેઓના સમાજના લોકો પોલીસ સ્ટેશનમા અરજી આપવા ગયેલા. ફરીયાદ તેઓની સાથેના લોકોએ લખાવેલ તેઓએ તેમા માત્ર સહી કરેલ. આ આરોપી તેઓની ભેસોને લઇ ગયેલ હોય તેવુ બનેલ નથી.

**(૭.૩)** સદર કામે ફરિયાદપક્ષે **સાહેદ સાકેરાબેન જુનેદભાઈ પલાસરાને આંક–૧૦** થી સોગંદ ઉપર તપાસેલા છે અને તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે,તેઓ જાખા મુકામે રહે છે બનાવ બે વરસ પહેલા બનેલો તે વખતે તેઓ અને તેઓના પતિ તેઓના ભેંસોના

વાડામાં ભેંસોને રાત્રે ચારપુડો કરીને નીકળેલા અને બીજા દિવસે સવારે નિત્યક્રમ મુજબ વાડે ગયેલા તે વખતે તેઓની દસ ભેસો પૈકી બે ભેસો જણાયેલ નહિ જેથી તેઓએ એમ માનેલ કે ભેસ ખીલેથી છુટીને કયાંક ગયેલ હશે જેથી આજુબાજુ તપાસ કરેલી અને ભેસો મળેલ નહિ અને તેઓના પતિએ હાલના આરોપી વિરુધ્ધ શક રાખીને ફરીયાદ આપેલી પરંતુ ત્યારબાદ તેઓની ભેસો મળી ગયેલી અને તેઓએ આ ભેસો લઇ ગયેલ ન હતા.સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોઇ તેઓને ફરી ગયેલા જાહેર કરી ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ ૧૫૭ અન્વયે ઉલટ તપાસ કરવા છતાં તેઓની જુબાનીમાં કોઇ ફળદાયક તથ્ય રેકર્ડ પર લાવી શકેલ નથી.

જ્યારે બચાવપક્ષ દ્વારા સદર સાહેદની ઉલટતપાસમાં તેઓએ હકીકતનો સ્વીકાર કરેલ છે,તેઓની બંને ભેસો ગુમ થયાની માહિતી અરવિંદભાઇએ આપેલ હોય તેવુ બનેલ નથી. બીજા દિવસે તેઓના વાડામા જોતા બે ભેસો ન જણાતા તેઓ તથા તેઓના સમાજના લોકો પોલીસ સ્ટેશનમા અરજી આપવા ગયેલા.આ આરોપી તેઓની ભેસોને લઇ ગયેલ હોય તેવુ બનેલ નથી.પોલીસે તેઓનું નામઠામ પુછેલુ અને બાકીની વિગતો જાતે લખી લીધેલી.

**(૭.૪)** સદર કામે ફરિયાદપક્ષે **તપાસ કરનાર અધિકારી નીતીનકુમાર રણછોડભાઇને આંક–૧૨** થી સોગંદ ઉપર તપાસેલા છે અને તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, ગઇ તા.૦૫/૧૨/૨૦૨૪ ના રોજ તેઓ વાગડોદ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા તે દરમ્યાન વાગડોદ પો.સ્ટે.ગુ.રજી.નં.૧૧૨૧૭૦૪

૦૨૪૦૬૪૩/૨૦૨૪ બી એન કલમ– ૩૦૩(૨), ૩૨૯(૩), ૫૪ મુજબના ગુનાની તપાસ અમોને પીએસઓશ્રીનાઓએ ડેપ્યુટ હુકમથી સોંપતા તેઓએ તપાસ સંભાળ લીધેલ જેને રજુ દાખલ આંક ૧૩ આપવામાં આવે છે ત્યારબાદ આ કામના લાગતા વળગતા સાહેદોના તેઓના લખાવ્યા મુજબના નિવેદન લખી લીધેલા અને ગુનાવાળી જગ્યાનુ પંચનામુ પંચોના લખાવ્યા મુજબ લખી લીધેલ તેમજ આરોપીની ધરપકડ કરી નામ કોર્ટમા હાજર કરેલ અને આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો પડતો હોઈ નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલ આરોપીઓને તેઓ ઓળખે છે જે નામ.કોર્ટમાં હાજર છે તે જ છે .વધુમાં ડીનાઈલ સ્વરૂપે ઉલટતપાસ કરવામાં આવેલ છે.

## (૮) આખરી તારણ :

આ કામે રજુ થયેલ ઉપરોક્ત મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ ઘ્યાને લેતાં ફરિયાદીએ તેઓની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓની બંને ભેસો ગુમ થયાની માહિતી અરવિંદભાઈએ આપેલ હોય તેવુ બનેલ નથી. બીજા દિવસે તેઓના વાડામા જોતા બે ભેસો ન જણાતા તેઓ તથા તેઓના સમાજના લોકો પોલીસ સ્ટેશનમા અરજી આપવા ગયેલા. ફરીયાદ તેઓની સાથેના લોકોએ લખાવેલ તેઓએ તેમા માત્ર સહી કરેલ. આ આરોપી તેઓની ભેસોને લઇ ગયેલ હોય તેવુ બનેલ નથી. તેથી આ કામના આરોપીઓએ કોઈ ચોરી કરેલ હોવાનું પુરવાર થયેલ નથી. આ સિવાય ફરિયાદપક્ષે વિશેષ કોઈ મૌખિક પુરાવો રજુ કરેલ નથી અને આંક–૧૧ થી ક્લોઝિંગ પુરશીષ આપી વધુ કોઈ પુરાવો રજુ કરવા નહી માંગતા હોવાનું જાહેર કરેલ છે. આમ, જયારે ફરિયાદી જાતે ફરિયાદપક્ષના કેસને સમર્થન આપતા ન

હોય ત્યારે તેઓની જુબાની વિશ્વાસપાત્ર ગણી શકાય નહી.

વધુમાં આ કામે ફરિયાદપક્ષે રજુ થયેલ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ, ડેપ્યુટ હુકમ પુરવાર કરવા માટે ફરિયાદપક્ષે કોઈ પુરાવો રજૂ કરેલ નથી પરંતુ આરોપીના વિ.વકીલશ્રી સદર દસ્તાવેજોને ભારતીય સાક્ષ્ય અધિનિયમ, ૨૦૨૩ ની કલમ–૫૩ તથા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૩૩૦ મુજબ કબુલ રાખેલ હોય તેને આંક આપવામાં આવેલ છે. પરંતુ ઉપરોકત દસ્તાવેજોથી જે હકકીત રેકર્ડ પર આવેલ છે તે હકીકતથી વિપરીત હકીકત ફરિયાદી તથા સાહેદોના પુરાવામાંથી ફલીત થાય છે. તેથી સદર દસ્તાવેજોથી આ કામના આરોપીને ગુના સાથે સાંકડી શકાય તેવી કોઈ મહત્ત્વની હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

વધુમાં આ કામના ત.ક.અ.શ્રીએ તેઓની ફરજના ભાગરૂપે કરેલ કાર્યવાહીને અનુરૂપ પુરાવો આપેલ છે. પરંતુ જ્યારે ફરિયાદી પોતે માત્ર સામાન્ય બોલાચાલી થયેલ હોવાનું જણાવતા હોય ત્યારે માત્ર ત.ક.અ.શ્રીના પુરાવા ઉપર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

જે તમામ ચર્ચાને ધ્યાને રાખી તહોદાર રબારી પ્રભાતભાઈ પીરાભાઇ રહે.જાખા તા.સરસ્વતી જી.પાટણવાળાએ તા.૨૮/૧૧/૨૦૨૪ ના રોજ સાંજના પાંચ વાગ્યાથી સાત વાગ્યાના સાડા સમયગાળા દરમ્યાન કોઈપણ સમયે ફરીયાદીના કબજા ભોગવટાના વાડામાં ગે.કા પ્રવેશ કરી વાડામાં બાંધેલ ભેંસો માંથી ભેંસો જીવ નંગ ૦૨ જેની કુલ કિ રૂ .૧,૪૫,૦૦૦/– ના મુદ્દામાલની ચોરી કરી લઈ જઈ ગુનો કરેલ હોય તેવી કોઈ હકીકત ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. તેથી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૩(૨), ૩૨૯(૩), ૫૪ મુજબના ગુનાના કામે આરોપી સામેના આક્ષેપયુકત

અપરાધને ફરિયાદપક્ષ શંકાથી પરે પુરવાર કરી શકેલ નથી. ફરિયાદપક્ષે પોતાનો કેસ ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈ તથા ફોજદારી ન્યાયશાસ્ત્રના પ્રસ્થાપિત સિધ્ધાંતો અનુસાર આરોપી વિરૂધ્ધ આક્ષેપિત ગુનો વ્યાજબી શંકાથી પરે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં.૧ નકારાત્મક ઠરાવી, મુદ્દા નં. ૨ માટેનો નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

(૧) આ કામના આરોપી રબારી પ્રભાતભાઇ પીરાભાઇ કલ્યાણભાઇ ઉ.વ.૨૭, રહે.જાખા, તા.સરસ્વતી, જી.પાટણવાળાને ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૩(૨), ૩૨૯(૩), ૫૪ મુજબના ગુનામાંથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૭૧(૧) અન્વયે પુરતા પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૮૧ અન્વયે અપીલ થયેથી અપીલના કામે હાજર રહેવા, સદર હુકમના તારીખથી છ માસના સમયગાળા માટે રૂપિયા ૧૫,૦૦૦/–(અંકે રૂપિયા પંદર હજાર પૂરા) ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ કરવા.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભાળવી, સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૩૦–૦૬–૨૦૨૬

મુકામ : સરસ્વતી **(કુ.મેધાબેન મહેશકુમાર નવધરે)**



ફોજદારી ન્યાયાધીશ પ્રથમ વર્ગ,
સરસ્વતી [GJ01715]